INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

==========================================================

**અખબારી યાદી** **તા. ૧-૦૪-૨૦૨૩**

- **'જય ભારત સત્યાગ્રહ' દ્વારા ગુજરાતની જનતાના પ્રાણ પ્રશ્નોને કોંગ્રેસ પક્ષ ઉજાગર કરશે.**
- **ગુજરાતમાં સતત એક મહિના સુધી જનસંપર્ક- જનજાગૃતિ માટે કાર્યક્રમોનું આયોજનઃ તાલુકા-જિલ્લા રાજ્ય સ્તરીય ધરણાં પ્રદર્શન – જનસંપર્ક અભિયાન સાથે મહાસંમેલન યોજાશે.**

સત્ય અને ન્યાયની આ લડાઈમાં આદરણીયશ્રી રાહુલજીના સમર્થન અને કરોડો ભારતીયોના મોઘવારી, બેરોજગારી સહીતના પ્રાણ પ્રશ્નોને ઉજાગર કરવા 'જય ભારત સત્યાગ્રહ' કાર્યક્રમની વિગત આપતા રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરએ જણાવ્યું હતું કે મિત્રકાળમાં અદાણી સ્કેમ અંગે સતત સત્યની લડાઈ લડતા આદરણીય શ્રી રાહુલજીને લોકસભાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવવાની બાબત મજબૂત સંકેત છે કે વિશ્વની સૌથી મોટી લોકશાહી ગંભીર સ્થિતિમાં છે. જે દેશના લોકો માટે ચિંતાનો વિષય છે. વિવિધ પ્લેટફોર્મ પર મોદી અને અદાણી વચ્ચેના સંબંધો પર શ્રી રાહુલ ગાંધી સતત સવાલો કરી રહ્યા છે. તેમના પ્રિય મિત્ર અદાણીને મદદ કરવા માટે ભાજપ સરકાર દ્વારા સત્તાના દુરુપયોગ સામે તેમની નિર્ભયતા અને અણનમ લડતથી અને તેઓ સંસદમાં તેમની સાંઠગાંઠનો પર્દાફાશ કરશે તેવા ડરથી, સમગ્ર મોદી શાસન તેમનો અવાજ બંધ કરવા આવા કુટિલ પગલાંનો આશરો લઈ રહ્યું છે ત્યારે કોંગ્રેસ પક્ષ 'જય ભારત સત્યાગ્રહ' દ્વારા ગુજરાતની જનતાના પ્રાણ પ્રશ્નોને ઉજાગર કરશે. ગુજરાતમાં સતત એક મહિના સુધી જનસંપર્ક- જનજાગૃતિ માટે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કોંગ્રેસ પક્ષના ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ, મહિલા કોંગ્રેસ સહિતના ડીપાર્ટમેન્ટ વિવિધ કાર્યક્રમમાં ભાગ લેશે. ઉતર, દક્ષીણ, સૌરાષ્ટ્ર ઝોનના તમામ તાલુકામાં તારીખ ૩ અને ૪ એપ્રિલએ તાલુકા કક્ષાએ પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવશે. લોકશાહી બચાવો, બેરોજગારી અને યુવાનોના પ્રશ્નોને લઈને યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ દ્વારા પ્રધાનમંત્રીને પોસ્ટકાર્ડ લખી વિરોધ કરવામાં આવશે. મોદી સરકાર અને ભાજપે લોકતંત્ર અને કાયદો અને વ્યવસ્થાની ધજ્જિયાં ઉડાવી રહ્યા છે ત્યારે ગુજરાતના ૨૫૨ તાલુકા, ૩૩ જીલ્લા અને આઠ મહાનગરની ૪૧ વિધાનસભા મળીને ૨૯૩ મથક પર તારીખ ૬ થી ૧૨ એપ્રિલ સુધીમાં તાલુકા કક્ષાનું સંમેલન યોજાશે. રાહુલ ગાંધીને ડરાવી શકવાના નથી. ભાજપ પોતે જ સંસદની કાર્યવાહી ચાલવા નથી, મોદી સરકારના શાસનમાં વિપક્ષને પ્રશ્નો પૂછવાનો પણ અધિકાર પર પણ રોક લગાવી રહી છે ત્યારે કોંગ્રેસ પક્ષ બેરોજગારી, મોંઘવારી સહિતના અનેક જનતાના મુદ્દાઓ પર અવાજ ઉઠાવતો રહશે ભલે ભાજપ કોંગ્રેસના લોકોને જેલમાં બંધ કરે, લોકતંત્રને બચાવવા માટે કોંગ્રેસ પક્ષ લડાઈ લડતો રહેશે.

દેશમાં લોકતંત્ર ખતરામાં છે, જનતાના-વિપક્ષના અવાજને દબાવવમાં આવી રહ્યો છે. બીજીબાજુ ભાજપના તાનાશાહી-ભ્રષ્ટાચારી નીતિ અને અદાણી સ્કેમથી દેશના લાખો લોકોની પરસેવાનું કમાણી લુટાઈ રહી છે. કોંગ્રસ પક્ષ ગુજરાતના ૩૩ જીલ્લાઓમાં મોટી સંખ્યામાં જીલ્લા કક્ષાઓનું સંમેલન તારીખ ૧૫થી ૨૫ એપ્રિલ સુધીમાં યોજાશે. સરકારની આલોચના કરતા જાગૃત નાગરીકોને - લોકોને દેશદ્રોહી ચીતરવામાં આવી રહ્યા છે. ત્યારે ભાજપ સરકાર વિરુધ્ધ દિલ્હી ખાતે રાષ્ટ્રીય કક્ષાનાં સંમેલનમાં ગુજરાતમાંથી પણ કાર્યકર્તાઓ- હોદ્દેદારોશ્રીઓને જોડવામાં આવશે.

અમદાવાદના સારંગપુર ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે કોંગ્રેસ પક્ષ દ્વારા ખાતે "સંકલ્પ સત્યાગ્રહ ધરણાં"ના ઓબીસી-એસી-એસટી લઘુમતી વિભાગ દ્વારા સંકલ્પ સત્યાગ્રહ ધરણાંનો સફળ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. લોકશાહીનું હનન કરતી ભાજપ દ્વારા પોલિસ તંત્રની જોહુકમીથી મંજુરી નામંજુર રાખી અનેક સત્યાગ્રહીઓની ધરપકડ કરવામાં આવી હતી.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, પ્રદેશ મીડિયા કો-કન્વીનર અને પ્રવકતા શ્રી હેમાંગ રાવલ, પ્રદેશ પ્રવકતા શ્રી હિરેન બેંકર, શ્રી પાર્થિવસિંહ કઠવાડીયા ઉપસ્થિત રહ્યા હતા.

**'જય ભારત સત્યાગ્રહ' કાર્યક્રમની વિગત**

| તારીખ | વિગત |
|---|---|
| ૩ થી ૪ એપ્રિલ | તાલુકા કક્ષાએ પ્રેસ કોન્ફરન્સ |
| ૩ એપ્રિલ | પ્રધાનમંત્રીશ્રીને પોસ્ટ કાર્ડ ઝુંબેશ |
| ૬ થી ૧૨ એપ્રિલ | તાલુકા કક્ષાનું સંમેલન |
| ૧૫ થી ૨૫ એપ્રિલ | જીલ્લા કક્ષાનું સંમેલન |
| ૨૦ થી ૩૦ એપ્રિલ | રાજ્ય સ્તરીય સંમેલન |

હિરેન બેન્કર

હિરેન બેન્કર,
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ.